# ગુજરાતમાં બેવડી ઋતુ, એક તરફ તાપમાન 42 ડિગ્રી, બીજી તરફ વરસાદની આગાહી

**રાજકોટ**-અમરેલીમાં તાપમાન સૌથી વધુ 42 ડિગ્રી, જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ પડે તેવી સંભાવના

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળો આકરો બની રહ્યો છે, ત્યાં જ બીજી તરફ હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરીને ચિંતા વધારી છે. હાલમાં રાજ્યના મોટાભાગના શહેરોમાં પારો 40 ડિગ્રીને પાર કરી ગયો છે, જેમાં રાજકોટ અને અમરેલી 42 ડિગ્રી સાથે રાજ્યના સૌથી ગરમ શહેરો નોંધાયા છે. રાજ્યના મુખ્ય શહેરોમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, જેમાં રાજકોટ અને અમરેલીમાં સૌથી વધુ 42 ડિગ્રી તાપમાન નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભુજ, સુરેન્દ્રનગર, કેશોદ અને કંડલા એરપોર્ટ પર પારો 41 ડિગ્રી સુધી પહોંચ્યો છે, જ્યારે ડીસા અને વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિગ્રી તાપમાન રહ્યું છે. સુરત, ભાવનગર, નલિયા, પોરબંદર અને કંડલા પોર્ટ પર ગરમીનો પારો 37 થી 39 ડિગ્રીની વચ્ચે નોંધાયો છે, જ્યારે દમણ અને મહુવામાં તાપમાન 34 થી 36 ડિગ્રીની વચ્ચે રહ્યું હતું.

### આગામી 7 દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય

હવામાન વૈજ્ઞાનિકોના મતે, દક્ષિણ-પૂર્વ પાકિસ્તાન અને રાજસ્થાન પર સર્જાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન હજુ સક્રિય છે. જેના કારણે ● તાપમાનઃ આગામી 7 દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. પાંચ દિવસ સુધી સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પારો 40 ડિગ્રીથી ઉપર રહેશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં 14 થી 18 એપ્રિલ દરમિયાન ગરમ અને ભેજવાળી હવાને કારણે લોકોએ ભારે બફારા અને અકળામણનો સામનો કરવો પડશે. હાલમાં કચ્છના તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો છે, પરંતુ સૌરાષ્ટ્ર અને ગુજરાત રીજનમાં તાપમાન સામાન્ય કરતા ઘણું ઊંચું રહ્યું છે. એક તરફ હીટવેવ જેવી સ્થિતિ અને બીજી તરફ વરસાદી આફતને કારણે ખેડૂતો અને સ્થાનિક લોકોને સાવચેત રહેવા જણાવાયું છે.

### આ જિલ્લાઓમાં પડશે વરસાદી ઝાપટાં

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં વાતાવરણમાં પલટો આવશે અને ગાજવીજ સાથે હળવો વરસાદ પડી શકે છે. જેમાં તા.19 થી 20 એપ્રિલ દરમિયાન ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ અને મહીસાગર તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે તા.20 થી 21 એપ્રિલ દરમિયાન દાહોદ, પંચમહાલ, મહીસાગર, અમરેલી અને ભાવનગર જિલ્લામાં વરસાદી માહોલ યથાવત રહી શકે છે.

## ભાજપ અને તંત્રએ કોંગ્રેસના ઉમેદવારોનો તોડવા માટે 25 લાખ આપ્યા?, કોંગ્રેસના આક્ષેપો

અમદાવાદઃ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં કોંગ્રેસનું પ્રતિનિધિ મંડળ આજે ગાંધીનગર ખાતે રાજ્ય ચૂંટણી આયોગના મુખ્ય ચૂંટણી સચિવને મળી સત્તાવાર ફરિયાદ નોંધાવીને તથા મજબૂત પુરાવાઓ સાથે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. કોંગ્રેસ પક્ષ આ મુદ્દે અંત સુધી લડત આપશે અને જરૂર પડે તો ન્યાયાલયનો દરવાજો ખખડાવશે. અમિત ચાવડાએ કહ્યું હતુ કે કેટલાક સરકારી કર્મચારીઓ ખુલ્લેઆમ ભાજપને મદદ કરી રહ્યા છે, કોંગ્રેસના ઉમેદવારોને તોડવા માટે 25 લાખ રૂપિયા સુધીની લાલચ આપવામાં આવી રહી છે. કોંગ્રેસના ઉમેદવારો પર પોલીસ દબાણ બનાવી ડરાવી-ધમકાવીને ઉમેદવારી ફોર્મ પરત ખેંચાવવા માટે પ્રયાસો કરી રહી છે.

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર વડોદરાથી ગોધરાનો ટ્રાયલ રન શરૂ

**દ.ગુ.ના** વાહનચાલકો સીધા ગોધરા સુધી જઈ શકશે

**ટ્રાયલ** રન સફળ રહ્યા બાદ સત્તાવાર લોકાર્પણ કરવામાં આવશે

ગાંધીનગરઃ ગુજરાતમાં માર્ગ કનેક્ટિવિટીને વધુ વેગ આપવા માટે દિલ્હી-વડોદરા એક્સપ્રેસવેના મહત્વના એવા ગોધરા-વડોદરા સ્ટ્રેચનું કામ પૂર્ણ થઈ ગયું છે. 13 એપ્રિલ, 2026થી આ માર્ગને ટ્રાયલ આધાર પર વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ ટ્રાયલ સફળ રહ્યા બાદ ટૂંક સમયમાં જ તેનું સત્તાવાર ઉદ્ઘાટન કરવામાં આવશે.

ભારતમાળા પરિયોજના હેઠળ તૈયાર કરાયેલો આ સ્ટ્રેચ પંચમહાલ જિલ્લાના ગોધરા નજીક આવેલા ભામૈયા ગામથી વડોદરા પાસેના ડોડકા ગામ સુધી વિસ્તરેલો છે. આ એક્સપ્રેસવેની મુખ્ય વિશેષતાઓ આ મુજબ છે. આઠ-લેન સુવિધાઃ આ માર્ગ અત્યાધુનિક આઠ-લેન અને એક્સેસ-કન્ટ્રોલ્ડ છે, જે હાઈ-સ્પીડ મુસાફરી માટે તૈયાર કરવામાં આવ્યો છે. સીધું જોડાણઃ આ માર્ગ શરૂ થવાથી ગોધરા, કાલોલ અને વડોદરા વચ્ચેનું અંતર ઘટશે અને જોડાણ વધુ સુગમ બનશે. ટ્રાફિકમાં રાહતઃ નવા એક્સપ્રેસવેને કારણે હાલના જૂના માર્ગો પર ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે ઘટશે.

આ એક્સપ્રેસવે માત્ર મુસાફરી જ નહીં, પરંતુ રાજ્યના વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે પણ આશીર્વાદરૂપ સાબિત થશે. સુધારેલી કનેક્ટિવિટીને કારણે માલ-સામાનની હેરફેર ઝડપી બનશે, જે સ્થાનિક ઉદ્યોગો અને વિકાસને મોટું પ્રોત્સાહન પૂરું પાડશે.એક્સપ્રેસવે પર વાહનોની ગતિ અને સુરક્ષા જાળવી રાખવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે આ માર્ગ પર ધીમી ગતિના વાહનોને પ્રવેશ આપવામાં આવશે નહીં, જેથી હાઈ-સ્પીડ ટ્રાફિકમાં કોઈ અડચણ ન આવે. દેશના આધુનિક માર્ગ નેટવર્કના વિકાસમાં આ સ્ટ્રેચનું શરૂ થવું એક મહત્વનું સીમાચિહ્ન માનવામાં આવી રહ્યું છે. ટ્રાયલ રન દરમિયાન વાહનચાલકોના પ્રતિસાદ અને ટેકનિકલ પાસાઓની ચકાસણી કર્યા બાદ ટૂંક સમયમાં જ આ માર્ગ સામાન્ય લોકો માટે સત્તાવાર રીતે સમર્પિત કરવામાં આવશે.

## અમદાવાદના ઢોસાકાંડમાં હજુ પણ રહસ્ય અકબંધ

**માતાની** સઘન પૂછપરછ, ડોક્ટરી ફાઇલ સિવિલ હોસ્પિટલમાં મોકલાશે

**ઘનશ્યામ** ડેરીના બે કર્મીઓની પુછપરછ કરવામાં આવી

અમદાવાદઃ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ખીરામાંથી બનાવેલા ઢોસા ખાવાથી એક જ પરિવારની બે બાળકીના શંકાસ્પદ મોતના કેસમાં હાલ એફએસએલ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. બીજી બાજુ આ ઘટનાને લઈ ઉભા થઈ રહેલા અનેક પ્રશ્નોના ઉકેલ માટે પોલીસએ બાળકીઓના પિતા બાદ હવે માતા ભાવનાની પણ વિગતવાર પૂછપરછ કરવામાં આવી છે. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ માતાને સીધા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી હતી. જ્યા મોડી રાત તેની પુછપરછ કરવામાં આવી છે. માતા-પિતાએ એકસરખું નિવેદન આપ્યું છે કે ખીરામાંથી બનાવેલા ઢોંસા ખાધા બાદ પરિવારની તબિયત બગડી હતી. વધુ તપાસ માટે પોલીસે જ્યાંથી ખીરૂ ખરીદવામાં આવ્યું હતું તે ઘનશ્યામ ડેરીના બે કર્મચારીઓની પણ પુછપરછ કરી વિગતો મેળવી છે. આ ઉપરાંત પોલીસે ડેરીમાંથી અન્ય લોકોએ પણ ખીરૂ ખરીદ્યું હતુ, તેવા લોકોને પણ પુછપરછ શરૂ કરી છે.

ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.કે. મકવાણાના જણાવ્યા મુજબ, "હાલ તપાસ ચાલુ છે. પોલીસ તમામ સંભવિત પાસઓ પરથી તપાસ કરી રહી છે. આ ઘટનાને લઈ જોકે હજુ સુધી કોઈ નિષ્કર્ષ પર પહોંચ્યા નથી."

# હોર્મુઝ ખાડીની નાકાબંધી કરવાનું અમેરિકાનું પગલું બૂમરેંગ સાબિત થશે?




અમેરિકાના ઈરાન પરના હુમલાનો મૂળ હેતુ ઈરાનનો અણુકાર્યક્રમ ખતમ કરવાનો નહોતો પણ વિશ્વના ઊર્જાના વેપાર પર નિયંત્રણ જમાવવાનો હતો, તેવું હવે સ્પષ્ટ સમજાઈ રહ્યું છે. ઈરાને હોર્મુઝની ખાડી પર નિયંત્રણ મેળવી લીધું અને તગડો ટોલ ટેક્સ લેવાનું ચાલુ કર્યું ત્યારે અમેરિકા દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ માટે ઈસ્લામાબાદમાં યોજાયેલી મંત્રણા નિષ્ફળ ગયા પછી અમેરિકાએ ઈરાનની નાકાબંધી દૂર કરવાના પ્રયાસો કરવાને બદલે પોતાની નાકાબંધી ચાલુ કરી છે, જેનો હેતુ પણ ઊર્જાના વૈશ્વિક વેપાર પર નિયંત્રણ જમાવવાનો છે. શહેરમાં કામ કરતી માફિયા ગેન્ગો બહારથી આવતા માલસામાન પર ગેરકાયદે ચુંગી વસૂલ કરે તેવું દુનિયાની કથિત મહાસત્તા કરી રહી છે. કોઈ આંતરરાષ્ટ્રીય કાયદો આમ કરવાની છૂટ આપતો નથી. હોર્મુઝની ખાડી પર અમેરિકાનાં યુદ્ધજહાજોને તૈનાત કરીને અમેરિકા આગ સાથે રમત કરી રહ્યું છે. જો ઈરાન દ્વારા આ જહાજોને ફૂંકી મારવામાં આવશે તો અમેરિકાની આબરૂ ધોવાઈ જશે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો કે અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાનના કબજાને સમાપ્ત કરી શકે છે. ગયા વર્ષે પણ વેનેઝુએલાના પાણીમાં અમેરિકન નેવીએ આવી જ કાર્યવાહી કરી હતી, જેના કારણે વેનેઝુએલાના અર્થતંત્ર પર અસર પડી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકન નેવી પાસે આ વ્યૂહાત્મક જળમાર્ગમાં ટ્રાફિકને નિયંત્રિત કરવાની ક્ષમતા છે. IRGC એ ટ્રમ્પને જવાબ આપ્યો કે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ જળમાર્ગ પર અમેરિકન નૌકાદળના નાકાબંધીનો આદેશ આપ્યા પછી ઈરાની સુરક્ષા દળોએ હોર્મુઝ સ્ટ્રેટ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવ્યું છે. IRGC એ સોશ્યલ મીડિયા X પરની પોસ્ટ દ્વારા અમેરિકાને ચેતવણી આપી છે કે કોઈ પણ ખોટું પગલું દુશ્મનને હોર્મુઝ સ્ટ્રેટનાં ઘાતક વમળમાં ફસાવી દેશે. હોર્મુઝની નાકાબંધી બાબતમાં નાટોના સાથી દેશોએ અમેરિકાને સમર્થન આપવાનો ઇનકાર કરતાં અમેરિકા એકલું પડી ગયું છે.

હોર્મુઝ સ્ટ્રેટ એક કઠપૂતળી બની ગયું છે, જેને અમેરિકા અને ઈરાન વારાફરતી નચાવી રહ્યા છે અને દુનિયાને આ તમાશો જોવાની ફરજ પડી રહી છે. અમેરિકાએ નાકાબંધીને સફળ બનાવવા માટે ૧૫ થી વધુ યુદ્ધજહાજો તૈનાત કર્યાં છે. USS ત્રિપોલી (LHA-૭) આ કામગીરીમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે. USS ત્રિપોલી F-૩૫B લાઇટનિંગ II સ્ટીલ્થ ફાઇટર જેટ અને MV-૨૨ ઓસ્પ્રેથી સજ્જ છે. અમેરિકન સૈન્યના પ્રાદેશિક સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે હોર્મુઝ શિપિંગ નાકાબંધી ઇરાની બંદરોમાં પ્રવેશતાં અથવા બહાર નીકળતાં તમામ દેશોનાં જહાજો સામે નિષ્પક્ષ રીતે લાગુ કરવામાં આવશે. જો કે, અમેરિકાએ એમ પણ કહ્યું હતું કે નાકાબંધી તટસ્થ પરિવહનને અટકાવશે નહીં. હોર્મુઝમાં અમેરિકાની ગુંડાગીરી પર ઈરાન ગુસ્સે થશે તેમાં કોઈ શંકા નથી, પરંતુ ઈરાન માટે પણ અમેરિકાની લશ્કરી શક્તિનો સામનો કરવો મુશ્કેલ બનશે. જો કે, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જણાવ્યું છે કે કોઈ પણ વિદેશી લશ્કરી જહાજ હોર્મુઝ સ્ટ્રેટ પાસે પહોંચશે તો તેને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણવામાં આવશે અને આવી પરિસ્થિતિમાં ઈરાન નિર્ણાયક લશ્કરી બળનો ઉપયોગ કરશે. નાકાબંધીની અસરો દુનિયા જોઈ રહી છે. આ માર્ગ પર શિપિંગના ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઓઇલ લઈ જતાં ટેન્કરો આ માર્ગ ટાળવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

ઈરાનની કુલ નિકાસ આવકનો આશરે ૫૦ ટકા હિસ્સો ખનિજ તેલમાંથી આવે છે. આ માર્ગ બંધ કરવાથી તેની ખનિજ તેલની નિકાસ પર સીધી અસર પડશે. ડોનાલ્ડ ટ્રમ્પનો ઉદ્દેશ સ્પષ્ટ છે કે ઈરાનના અર્થતંત્ર પર એટલું દબાણ લાવવાનું કે તેને અમેરિકા સમક્ષ શરણાગતિ સ્વીકારવાની ફરજ પડે. અર્થશાસ્ત્રી રોબિન બ્રુક્સ માને છે કે હોર્મુઝ સ્ટ્રેટની ચાલુ નાકાબંધી ઈરાન પર સીધા લશ્કરી મુકાબલા વિના નોંધપાત્ર આર્થિક દબાણ લાવી શકે છે. નાકાબંધી ઈરાનની તેલ આવકમાં ઘટાડો કરશે, જેના કારણે તેના ચલણનું મૂલ્ય ઘટી શકે છે અને ઈરાનનું અર્થતંત્ર અતિ ફુગાવામાં ફેરવાઈ શકે છે. જો કે, તેમણે ચેતવણી પણ આપી હતી કે આનાથી વૈશ્વિક તેલના ભાવમાં વધારો થઈ શકે છે અને બજારમાં અસ્થિરતા આવી શકે છે. સમસ્યા એ છે કે ઈરાને આ જળમાર્ગમાં સુરંગો પાથરી છે અને તેમનાં ચોક્કસ સ્થાનોની નોંધ લીધી નથી, જેના કારણે તેમને દૂર કરવાનું ખૂબ જ મુશ્કેલ બને તેમ છે. જો બંને દેશો વચ્ચે કોઈ કરાર થાય તો પણ, આ જળમાર્ગ પર જતું કોઈ પણ જહાજ સુરંગ સાથે અથડાઈ જવાના જોખમથી ભરેલું રહેશે.

હોર્મુઝની નાકાબંધીનો અર્થ એ નથી કે અમેરિકાએ આ પ્રદેશ પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી લીધું છે. ઈરાન ગમે ત્યારે હોર્મુઝ સ્ટ્રેટમાં કોઈ પણ જહાજને નિશાન બનાવી શકે છે. તે જ સમયે, ઈરાન એકલું નથી. રશિયા અને ચીન પડદા પાછળ તેને મદદ કરી રહ્યાં છે. અમેરિકાને પણ આ શંકા છે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ નાકાબંધીનો વળતો જવાબ આપ્યો છે કે દરિયાઈ નાકાબંધીને ચાંચિયાગીરી ગણવામાં આવશે અને તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે. અમેરિકન યુદ્ધજહાજોની સાથે ગલ્ફનાં બંદરોને પણ નિશાન બનાવવામાં આવશે. હોર્મુઝ તરફ આગળ વધતાં કોઈ પણ અમેરિકન યુદ્ધજહાજોને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણવામાં આવશે. ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ટ્રમ્પના નિર્ણયને ટેકો આપ્યો હતો, જ્યારે નાટો દેશો, તેમજ રશિયા અને ચીને તેની ટીકા કરી હતી. બ્રિટન અને ફ્રાન્સે આ વિવાદમાં સામેલ થવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતાલીએ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં ભારતીય જહાજો પાસેથી કોઈ ટોલ વસૂલવામાં આવતો નથી.

યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ સોમવારથી ઈરાનનાં તમામ બંદરો પર અને ત્યાંથી દરિયાઈ ટ્રાફિક પર નાકાબંધી લાદી દીધી છે. આ નાકાબંધી ઈરાની બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશતાં અથવા બહાર નીકળતાં તમામ દેશોના જહાજો પર નિષ્પક્ષ રીતે લાગુ પડશે. જો કે, અમેરિકાએ સ્પષ્ટતા કરી છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી બિન-ઈરાની બંદરો તરફ જતાં જહાજોને અવરોધવામાં આવશે નહીં, જેથી આંતરરાષ્ટ્રીય દરિયાઈ ટ્રાફિકમાં ખલેલ ન પહોંચે. નોંધપાત્ર વાત એ છે કે, યુએસએસ જિરાલ્ડ ફોર્ડ અને અબ્રાહમ લિંકન હોર્મુઝની આસપાસ પેટ્રોલિંગ કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અત્યાર સુધી ઈરાનના નાનાં જહાજોને નિશાન બનાવવામાં આવ્યાં નથી, કારણ કે અમે તેમને નોંધપાત્ર ખતરો માનતા નહોતાં. જો કે, નાકાબંધી પછી જો આવાં જહાજો યુદ્ધજહાજોને અવરોધવાનો પ્રયાસ કરશે, તો તેમનો તાત્કાલિક નાશ કરવામાં આવશે. અમે દરિયાઈ ડ્રગ તસ્કરોનો સામનો કરવા માટે આવી પદ્ધતિઓનો ઉપયોગ કરીએ છીએ.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ પર નૌકાદળની નાકાબંધીની જાહેરાત કરી છે, જેનાથી વૈશ્વિક ઊર્જા સુરક્ષા માટે એક નવો ખતરો ઊભો થયો છે. આનાથી પ્રશ્ન ઊભો થાય છે કે શું ટ્રમ્પ અન્ય દેશોને આ સંઘર્ષમાં ખેંચવા માટે દબાણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે? આ મુદ્દે, ચીને અમેરિકાને સ્પષ્ટપણે ચેતવણી આપી છે કે તે કોઈ પણ રીતે જહાજોની અવરજવરમાં દખલ ન કરે. તેનો ઈરાન સાથે વેપાર અને ઊર્જા કરાર છે અને તે કોઈ પણ રીતે તેના હિત સાથે સમાધાન કરશે નહીં. ચીનના સંરક્ષણ પ્રધાન એડમિરલ ડોંગ જુને સ્પષ્ટતા કરી કે હોર્મુઝ સ્ટ્રેટ ચીન માટે ખુલ્લો છે અને ચીની જહાજો કોઈ પણ જાતના અવરોધ વિના આ ક્ષેત્રમાંથી પસાર થઈ રહ્યાં છે. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે નાકાબંધીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે આ જળમાર્ગના કોઈ પણ અવરોધની નકારાત્મક અસર વૈશ્વિક બજારો પર પડશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**\ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સએ સોશ્યલ મીડિયા X પરની પોસ્ટ દ્વારા અમેરિકાને ચેતવણી આપી છે કે કોઈ પણ ખોટું પગલું તેને હોર્મુઝ સ્ટ્રેટના ઘાતક વમળમાં ફસાવી દેશે**

## BUSINESS મિત્ર

# આજે શેરબજારમાં ગેપ અપ ઓપનીંગ થવાની સંભાવના

**ક્રુડ ઓઇલની** નરમાઇ અને અમેરિકન બજારોની તેજીની અસર ભારતીય શેરબજારમાં જોવા મળશે

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 14:** અમેરિકા અને ઈરાન વચ્ચે કરાર થવાના આશાવાદ વચ્ચે અમેરિકન બજારો ગઈકાલે તેજી સાથે બંધ તયા હતા અને 28 ફેબ્રુઆરીએ ઈરાન-યુએસ યુદ્ધ શરૂ થયા પછીના સર્વોચ્ચ સ્તરે બંધ રહેવામાં સફળ થયા હોવાથી વૈશ્વિક બજારોમાં મજબૂતાઇ જોવા મળી શકે છે. જેની પાછળ ભારતીય શેરબજારમાં પણ ગેપ અપ ઓપનીંગની સંભાવના વધી ગઇ છે.

ગિફ્ટ નિફ્ટી આજે 1.1 ટકા વધીને 24100 પોઈન્ટ પર હતો. જે સવારે 0.93 ટકા એટલે કે 223 પોઇન્ટ વધ્યો હતો. જેથી આવતીકાલે ભારતીય શેરબજાર નિફ્ટી 24000 પોઇન્ટની ઉપર ખુલવાના સંકેત આપી રહ્યા છે. સેન્સેક્સમાં પણ મજબૂતાઇ જોવા મળશે. આજરોજ આંબેડકર જયંતિના કારણે ભારતીય શેરબજારમાં રજા હતી. બીએસઇ અને એનએસઇ આવતીકાલે ખુલશે, જે સોમવારના ઘટાડાને ભૂંસીને નવેસરથી તેજી સાથે આગલ વધવાની પુરેપુરી સંભાવના છે. આ ઘટાડો ઈરાન-અમેરિકા વચ્ચેની વાટાઘાટો તૂટી પડતા જોવાયો હતો. જે હવે આશા છે કે, અમેરિકા અને ઈરાન વચ્ચે કરાર થઈ જશે. જેના પગલે ગઈકાલે અમેરિકન બજારોમાં એસ એન્ડ પી 500 ઈન્ડેક્સ 1.02 ટકા વધીને 6886.24 પોઈન્ટ પર, નાસ્ડેક ઈન્ડેક્સ 1.23 ટકા અને ડાઉ જોન્સ 0.63 ટકા વધ્યો હતો. અમેરિકાની તેજીની સકારાત્મક અસર ભારતીય શેરબજાર ઉપર જોવા મળશે.

આ દરમ્યાન ક્રુડ ઓઈલના ભાવમાં નરમાશ આવી હતી. આજરોજ બ્રેન્ટ ક્રુડ એક ટકા વધુ ઘટીને 98.29 ડોલર પ્રતિ બેરલ કારોબાર કરી રહ્યો હતો. જ્યારે ડબલ્યુટીઆઇ ક્રુડ 1.77 ટકા ઘીટને 97 ડોલર પ્રતિ બેરલ ટ્રેડ કરી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં ચાલી રહેલી અમેરિકા-ઈરાન વચ્ચેની વાતચીત અનિર્ણિત રીતે સમાપ્ત થયા બાદ ક્રુડ ઓઈલના ભાવ ફરી બેરલ દીઠ 100 ડોલરને પાર કરી ગયા હતા. જોકે, ક્રુડ ઓઈલના ભાવ 100 ડોલરની નીચે આવે તે ભારતીય અર્થવ્યવસ્થા અને શેરબજાર માટે સારા સમાચાર છે.

આજરોજ એશિયન બજારોમાં સારો ઉછાળો જોવાયો હતો. જાપાનના નીક્કી અને સાઉથ કોરિયાના કોસ્પીમાં 2-2 ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે, અમેરિકા અને ઈરાનની વાતચીત ફરી શરૂ થવાની સંભાવના પુરી થઈ નથી. બંને પક્ષો વચ્ચે સમાધાનની સંભાવનાને બજારને ઉત્સાહિત કર્યુ છે, જે સકારાત્મક સેન્ટિમેન્ટની અસર આવતીકાલે ભારતીય શેરબજારમાં જોવા મળશે.

## ભારતીય ઓફિસ માર્કેટમાં તેજીઃ લીઝિંગમાં 10%નો ઉછાળો

**નાણાકીય** વર્ષ 2026ના પ્રથમ ક્વાર્ટરમાં ઓફિસ લીઝિંગ વાર્ષિક ધોરણે 10 ટકા વધીને 21 મિલિયન ચોરસ ફૂટને પાર

**ટેક્નોલોજી** સેક્ટરની મજબૂત માંગ સાથે પાંચ વર્ષનો સૌથી ઝડપી વૃદ્ધિ દર નોંધાયો

નવી દિલ્હી, તા. 14ઃ નાણાકીય વર્ષ 2026ના પ્રથમ ક્વાર્ટરમાં ભારતમાં ઓફિસ લીઝિંગ વાર્ષિક ધોરણે 10 ટકા વધીને 21.6 મિલિયન ચોરસ ફૂટ થયું છે. છેલ્લા પાંચ વર્ષમાં આ સૌથી ઝડપી વૃદ્ધિ દર છે. સેવિલ્સ ઈન્ડિયાના અહેવાલ મુજબ, સપ્લાય વાર્ષિક ધોરણે 28 ટકા ઘટીને 7.9 મિલિયન ચોરસ ફૂટ પર પહોંચ્યો છે, જ્યારે સ્થિર લીઝિંગ પ્રવૃત્તિ અને શિસ્તબદ્ધ સપ્લાય વૃદ્ધિને કારણે આ જ સમયગાળા દરમિયાન ખાલી જગ્યા ઘટીને કુલ ઓફિસ સ્પેસના 13.9 ટકા થઈ ગઈ છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે કુલ લીઝિંગ પ્રવૃત્તિઓમાં 32 ટકાના હિસ્સા સાથે ટેકનોલોજી ઉદ્યોગ ટોચ પર છે. રિપોર્ટ અનુસાર, એક લાખ ચોરસ ફૂટ કે તેથી વધુની ઓફિસ ઓક્યુપન્સી કુલ ઓફિસ લીઝિંગમાં 52 ટકાનો સૌથી વધુ હિસ્સો ધરાવે છે.

સેવિલ્સ ઈન્ડિયાના કોમર્શિયલ એડવાઈઝરી એન્ડ ટ્રાન્ઝેક્શન્સના એમડી નવીન નંદવાણીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક પડકારો હોવા છતાં, ભારતનું ઓફિસ માર્કેટ 2026માં મજબૂત સ્થિતિમાં પ્રવેશ્યું છે. પ્રથમ ક્વાર્ટરમાં 21.6 મિલિયન ચોરસ ફૂટની માંગ નોંધાઈ હતી, જે પાછલા વર્ષની સરખામણીમાં 10 ટકા વધારે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ટેક્નોલોજી, બીએફએસઆઇ, મેન્યુફેક્ચરિંગ અને ફ્લેક્સિબલ વર્કસ્પેસમાં માંગ મજબૂત છે અને જીસીસી આ ગતિને વધુ વેગ આપી

## ભારતીય ઓટો સેક્ટરમાં રેકોર્ડબ્રેક તેજીઃ વાહન વેચાણ 2.83 કરોડને પાર

**જીએસટી** 2.0 અને મજબૂત અર્થતંત્રના ટેકાથી વાહન ઉદ્યોગમાં સાત વર્ષ પછી સર્વોચ્ચ વૃદ્ધિ

નવી દિલ્હી, તા. 14ઃ નાણાકીય વર્ષ 2026માં ભારતમાં વિક્રમી2.83 કરોડ વાહનોનું વેચાણ કર્યુ છે, જે વાર્ષિક ધોરણે 10.4 ટકા વધારે છે. જેમાં પેસેન્જર અને કોમર્શિયલ વાહનો, ટુ અને થ્રી વ્હીલર્સના તમામ સેગમેન્ટમાં એક જ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ નોંધાયું છે, જેમાં જીએસટી 2.0 વૃદ્ધિનું મુખ્ય ચાલક સાબિત થયું છે.

સિયામે જણાવ્યું હતું કે 2024-25માં કુલ સ્થાનિક વાહનોનું વેચાણ 2.56 કરોડ વાહનો રહ્યા હતા. અર્થતંત્રના મજબૂત ફંડામેન્ટલ્સને જોતા ચાલુ નાણાકીય વર્ષનો દષ્ટિકોણ સકારાત્મક હોવા છતાં, જો પશ્ચિમ એશિયા યુદ્ધ લાંબા સમય સુધી ચાલે છે, તો તેની અસર માંગ, સપ્લાય ચેઈન અને વાહનોના ઉત્પાદન પર પડી શકે છે.

**નાણાકીય વર્ષ 2026: વાહન વેચાણના આંકડા (યુનિટમાં)**

| વાહન સેગમેન્ટ | FY 2025 (યુનિટ) | FY 2026 (યુનિટ) | વૃદ્ધિ દર (%) |
|---|---|---|---|
| પેસેન્જર વાહનો | 43,01,848 | 46,43,439 | 7.9% |
| ટુ-વ્હીલર | 1,96,07,332 | 2,17,05,974 | 10.7%* |
| કોમર્શિયલ વાહનો | 9,58,679 | 10,79,871 | 12.6% |
| થ્રી વ્હીલર | 7,41,420 | 8,36,231 | 12.8% |
| કુલ વેચાણ | **2,56,09,279** | **2,82,65,515** | **10.4%** |

સિયામે જણાવ્યું હતું કે, ભારતીય ઓટો ઉદ્યોગે નાણાકીય વર્ષ 2025-26ની શરૂઆત અને અંત સારો થયો છે. પેસેન્જર વાહનો, કોમર્શિયલ વાહનો, થ્રી વ્હીલર અને ટુ-વ્હીલર્સે મળીને સાત વર્ષ પછી એક જ નાણાકીય વર્ષમાં સૌથી વધુ વેચાણ કર્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, છેલ્લે 2018-19માં તમામ સેગમેન્ટમાં સૌથી વધુ વેચાણ થયું હતું.

સિયામના પ્રમુખે કહ્યું કે, ખાસ કરીને જીએસટી 2.0 સુધારા અને વર્ષ દરમિયાન ઘણી વખત રેપો રેટમાં ઘટાડો દ્વારા સર્જાયેલી હકારાત્મક ભાવનાઓએ આ વૃદ્ધિમાં મોટો ફાળો આપ્યો છે.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

# દરેક પ્રમાણિક કરદાતાને રક્ષણ આપવું જોઈએ

### GST એપેલેટ ટ્રિબ્યુનલ.. દિલ્હીનો.. અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

GSTમાં કલમ 74 હેઠળ આકારણી થઈ હોય અને અપીલ અધિકારીના મતે... કલમ 74 હેઠળ આદેશ ખોટો પસાર કરવામાં આવેલ હતો તો... અપીલ અધિકારી કલમ 73 હેઠળ આકારણી ન કરી શકે પરંતુ મૂળ અધિકારીને જ કલમ 73 હેઠળ આદેશ કરવા કેસ રીમાન્ડ કરવો પડે. આવા નિર્ણયની સાથે કરચોરાનો કોઈ ઈરાદો ન હોય તો... પ્રમાણિક કરદાતાને રક્ષણ આપવું જોઈએ એ મુજબનો અગત્યનો ચૂકાદો દિલ્હીની એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવ્યો છે. ખેર સ્ટરલીંગ એન્ડ વિલ્સન પ્રા.લી. વિ. કમિશનર ઓડિસા-APL/1/PE/2026ના તા. 21-2-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.....

**હકીકત...**

કંપનીનો ધંધો બાંધકામની સેવા આપવાનો છે અને કંપની GST કાયદા હેઠળ નોંધાયેલ છે. વર્ષ 2018-19 કંપની માટે કંપની દ્વારા ભરવામાં આવેલ ફોર્મ GSTR-ના પત્રકોમાં સપ્લાય પર ભરવાપાત્ર વેરા અને વર્ષ દરમિયાન ભરવામાં આવેલ GSTR-3B પત્રકોમાં સ્વીકારેલ વેરાકિય જવાબદારી વચ્ચે રૂા. 27,06,634ની ઓછી વેરાકિય જવાબદારી GSTR-3Bમાં સ્વીકારવામાં આવેલ ત્યારે કંપની વિરૂધ્ધ કલમ 74 હેઠળ આકારણી આદેશ પસાર કરીને આ તફાવટની રકમ વત્તા વ્યાજ વત્તા તેટલી જ રકમના દંડની રકમનું માંગણુ ઉપસ્થિત કરવામાં આવેલ જે સામેની અપીલમાં પ્રથમ અપીલ અધિકારીએ જણાવ્યું કે કંપનીનો વેરાની ચોરી કરવાનો કોઈ બદ્ઈરાદો નથી એમ જણાવી આકારણી આદેશમાં ઊભા કરવામાં આવેલા વેરા વ્યાજના માંગણીએ મંજૂર રાખી કલમ 73 હેઠળ આદેશ કરવો જોઈએ એવો નિર્ણય લઈ દંડની રકમ વેરાના 10 ટક લેખે કલમ 73 હેઠળ ગણીને તેટલે અંશે ઓછા જવાબદારી જણાવી પ્રથમ અપીલ આદેશ પસાર કરવામાં આવ્યો જે સામે GST ટ્રિબ્યુનલ સમક્ષ બીજી અપીલ ફાઈલ કરવામાં આવી.

**દલીલ...**

કંપનસ તરફથી રજૂઆત કરવામાં આવી કે ફક્ત GST-R અને BB વચ્ચે સ્વીકારેલ સપ્લાયના ટર્નઓવરમાં જે તફાવત આવતો હોય તે કંપની દ્વારા વખતોવખત આપવામાં આવેલ ક્રેડિટ નોટ અને એડવાન્સ પેટેના એડજસ્ટમેન્ટને કરણે હતો પરંતુ સિસ્ટમની મર્યાદાને કારણે GSTમાં સુધારો કરી શકાયો ન હો તો કરચોરાનો કોઈ અવકાશ ન હતો અને ટ્રીબ્યુનલ સમક્ષ તફાવતનું રીકન્સલીએશન રજૂ કરવામા આવ્યું.

**પ્રમાણિક કરદાતાને રક્ષણ...**

સા. ટ્રીબ્યુનલે ચૂકાદો આપતા જણાવ્યુ કે ટ્રિબ્યુનલના મતે દરેક પ્રમાણીક કરદાતાને રક્ષણ આપવુ જોઈએ. જો કોઈ વ્યક્તિએ વેરો ચૂકવેલ હોય પરંતુ સમયમર્યાદાને કારણે તેની દલીલ સાંભળવામાં ન આવી હોય તો તેને રજુઆત કરવા બીજી તક આપવી જોઈએ અને મા. ટ્રીબ્યુનલે ઠરાવ્યું કે એ પ્રથમ અધિકારીના મતે.. કલમ 74 હેઠળ ખોટો આદેશ પસાર કરવામાં આવેલ હતો તો કલમ 73 હેઠળ આદેશ કરવા યોગ્ય અધિકારીને કેસ રિમાન્ડ કરવો પડે અને ટ્રીબ્યુનલ કે અપીલ અધિકારી પોતે કલમ 73 આદેશ કરી શકે નહી.

મા. ટ્રીબ્યુનલે ખાસ નોંધ્યું કે જ્યારે GST દાખલ કરવામાં આવ્યો ત્યારે કાયદાના નિષ્ણાતો પત્રકો ભરવા નિપૂણ ન હતા અને માનવીય ભૂલ થાય તે સ્વાભાવિક છે એમ જણાવી પ્રથમ અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીનો ઓર્ડર કાયદામા ટકી શકે નહી. અએમ જણાવી દૂર કર્યા અને કેસ પોપર અધિકારીને રિમાન્ડ કર્યો અને કંપનીને એક મહિનામાં સુધારા માટેની જરૂરી લેખિત રજૂઆત કરવા અને પ્રોપર અધિકારીને તમામ હકીકતોની યોગ્ય ચકાસણી કરીને કંપનીને સાંભળવાની પૂરતી તક આપી. કલમ 73 હેઠળ નવેસરી ઓર્ડર કરવા ટ્રીબ્યુનલે કેસને રિમાન્ડ કર્યો.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૯૭૦ |
| તેજાબી સોનું | ૧૫૫૮૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૮૧૭૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૨૮૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૯૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૩૧૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૪૬૦૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |